જા.નં.જી-૨/૧૯૨૭/અ.જા./અ.જ.જા./જાતિ પ્રમાણપત્ર/૯૮૦/૦૫
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ
અધિકારીશ્રીની કચેરી, ગુ.રા., પોલીસ ભવન
સેકટર-૧૮, ગાંધીનગર
તા:૧૬/૦૫/૨૦૦૫

વિષય: અનુ.જાતિ/જનજાતિ પરના અત્યાચારના બનાવોમાં ભોગ બનનારનું જાતી પ્રમાણપત્ર સક્ષમ અધિકારીશ્રીનું મેળવી ચાર્જશીટ સાથે રજુ થાય તેની કાર્યવાહી કરવા બાબત.

**પરિપત્ર:**

ઉપરોકત વિષયાન્વયે આ સાથે આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૫/૦૪/૦૫ ના પત્ર ક્રમાંક:ટીએપી/૨૦૦૫/૧/ચ, ની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપેલ છે.

ઉપરોકત પત્રમાં આપેલ સુચના મુજબ અનુસૂચિત જનજાતિ પરના અત્યાચારના ગુનાના કામે ગુનાની તપાસ પોલીસ અધિક્ષકશ્રી દ્વારા ગુનેગાર આરોપી વિરુદ્ધ પુરાવા પાડતા નામદાર અદાલતમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવે છે. તેની સાથે જાતિને લગતો દાખલો/પ્રમાણપત્ર તલાટી કમ મંત્રીનું મેળવી નામદાર અદાલતમાં રજુ કરવામાં આવે છે. પરંતુ સરકારશ્રીના સમાજ કલ્યાણ વિભાગના તા.૨૪/૫/૮, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૫/૫/૯૯, તા.૧૯/૧૨/૦૧ અને તા.૧૮/૦૧/૦૨ ના ઠરાવોની ઝેરોક્ષ પ્રત પરિશિષ્ઠ સહિત આ સાથે સામેલ રાખી મોકલી આપેલ છે. ઉકત ઠરાવોમાં દર્શાવેલ વિગતે તલાટી કમ મંત્રીને જાતી અંગેનું પ્રમાણપત્ર આપવા હોવાની સત્તાના ન હોવાના કારણે અત્યાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૯ હેઠળ નોધાયેલ કેસોમાં ગુનેગારો નિર્દોષ છુટી જાય છે. અને આમ તપાસનીશ અમલદારે ચાર્જશીટમં તલાટી કમ મંત્રીએ આપેલ જાતી અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાના કારણે અત્યાચાર નિવારણ ધારાની કલમ ૩(૨)(૫) હેઠળનો ગુનો નામદાર કોર્ટ સાબિત ન માનવાના કારણે ભોગ બનનારને સહાય મળવાપાત્ર થતી નથી.

આથી ભવિષયમાં આવા પ્રકારના બનાવોનું પુનરાવર્તન ન થાય તે હેતુંથી અત્યાચાર નિવારણ ધારા હેઠળ ગુનાના કામે તપાસના અંતે નામાદાર અદાલતામાં તહોમતનામું કમિટ કરતી વખતે ભોગ બનનારનું સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફથી વખતો વખત બહાર પાડવામાં આવેલ ઠરાવોની સૂચના મુજબ જાતિ અંગેનું પ્રમાણપત્ર સરકારશ્રીએ નિયત કરેલ સક્ષમ અધિકારીશ્રીનું મેળવીને જ ચાર્જશીટ સાથે અચુક સામેલ રાખવામાં આવે તેવી તકેદારી રાખવા માટે તપાસની પ્રક્રિયા સાથે સંકળાયેલ તમાનએ તાકિદ કરવી અને સુપરવિઝીંગ અધિકારીઓને પણ આ સુચનાઓનો તાત્કાલીક અસરથી કડકપણે પાલન થાય તે જોવા વિનંતી છે.

બિડાણ: ઉપર મુજબ

( અ.કુ.ભાર્ગવ )
પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારીશ્રી,
ગુજરાત રાજય, ગાંધીનગર

પ્રતિ,
તમામ પોલીસ કમિશનરશ્રીઓ.....
તમામ રેન્જના વડાશ્રીઓ.....
તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ......(પ.રે.વડોદરા/અમદાવાદ સહિત)